Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-15, Issue-3, December-2021

# ઋગ્વેદમાં વ્યાવહારિક નીતિવિચાર

ડૉ. સુરેખા કે. પટેલ

જી. ડી. મોદી કોલેજ ઓફ્ આર્ટ્સ(પાલનપુર. B.K) સંસ્કૃત વિભાગ

વેદ, ભારતીય સંસ્કૃતિની ગંગોત્રી છે. વેદો, સમગ્ર સાહિત્યના મુકુટમણિ સમાન છે. વેદો, આપણા પ્રાચીન ઋષિમુનિઓએ પોતાની પ્રતિ – ભાવાન્ આંખોથી અનુભવેલ શાશ્વત યથાર્થ જ્ઞાન ભંડારનો સમુચ્ચય છે. 'विद्' (જાણવું) ધાતુથી નિષ્પન્ન થયેલ 'વેદ' શબ્દનો અર્થ છે, જ્ઞાન. ભારતીય સંસ્કૃતિના ઇતિહાસમાં ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદનું સ્થાન ગૌરવપૂર્ણ રહ્યું છે. આ દ્દષ્ટિએ વેદોને અનંત જ્ઞાનના અક્ષુણ્ણ ભંડાર માનવમાં આવે છે, જેમનો પાદુર્ભાવ અનેક સદીઓથી ભારતના ઋષિઓની અનેક પેઢીઓ દ્વારા થયો છે. ભારતના પ્રાચીન મનિષીઓએ વિશ્વનાં અધ્યાત્મિક ચિંતન વિષયક ચિરંતન તત્વોને જ વેદોમાં રજૂ કર્યાં છે.

ચારેય વેદોમાં 'ઋગ્વેદ' એ પ્રાચીન કાવ્યસંગ્રહ છે. વિન્ટરનિટ્ઝ જેવા વિદ્વાનો એવા નિષ્કર્ષ ઉપર પહોંચ્યા છે કે 'ઋગ્વેદ' એ ઉત્કૃષ્ટ કાવ્યસંગ્રહ છે. ઋગ્વેદમાં રાજનીતિશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, સમાજશાસ્ત્ર જેવી સમાજિક વિદ્યાઓનો પણ ઉલ્લેખ જોવા મળે છે.

કોઈ માને કે ન માને, ઈચ્છે કે ન ઈચ્છે પ્રત્યેક મનુષ્યના જીવનમાં નૈતિક સમસ્યાઓ આવે જ છે. જીવનપથ એટલો સરળ અને સીધો નથી કે જેની ઉપર વગર વિચાર્યે એક જ ગતિએ નિદ્વંદ આગળ વધી શકાય. જીવનમાં ઉતાર- ચઢાવ, જુદી જુદી સમસ્યાઓ આ બધું જીવનના ભાગરૂપે છે. ગતિ હંમેશા એક જેવી રહેતી નથી, તેવું જીવનમાં વિચારવું-સમજવું પડે છે. ઉચિત-અનુચિતને માપવું પડે છે. જીવનપથના દરેક વળાંક પર, દરેક પગલે કરવું કે ન કરવું અથવા યોગ્ય- અયોગ્ય સંબંધી નિર્ણય મનુષ્યે પોતે જ કરવો પડે છે. આ રીતે પત્યેક મનુષ્ય પોતાની બુદ્દિધ કે જ્ઞાન અનુસાર ઉચિત-અનુચિતનો વૈચારિક માનદંડ રાખતો હોય છે. સંભવ છે કે તેનો માનદંડ હંમેશા એક જેવો ન પણ રહે. દરેક મનુષ્ય કોઈને કોઈ માનદંડનો પ્રયોગ કરે છે, પણ તે માનદંડ શું છે? શું હોવો જોઈએ?, નીતિશાસ્ત્ર, આ કર્તવ્ય- અકર્તવ્યના માનદંડની શાસ્ત્રીય વ્યાખ્યા કરે છે. નીતિશાસ્ત્ર, સહુ કોઈને માટે આવશ્યક છે. નીતિશાસ્ત્ર, માનવજીવનથી સંબંધિત આદર્શોનું વિજ્ઞાન છે. 'નીતિશાસ્ત્ર', મનુષ્યને શુભ-અશુભ, ઉચિત-અનુચિત, પાપ-પુણ્ય, ભદ્ર-અભદ્ર, ધર્મ-અધર્મનો ભેદ બતાવે છે.

- 'નીતિ' શબ્દ **'णीञ प्रापणे'** ધાતુથી **'स्त्रियां क्तिन्'** પ્રત્યય દ્વારા નિષ્પન્ન થયો છે, જેના દ્વારા પ્રજાને સદાચારમાં લાવી શકાય છે. કુમાર્ગથી હટાવી સારા માર્ગે લાવી શકાય છે તેનું નામ 'નીતિ' છે. 'નીતિશાસ્ત્ર' આમ તો ધર્મશાસ્ત્રનો પર્યાયવાચી શબ્દ છે. અહીં, અભ્યાસ લેખમાં ઋગ્વેદમાં ઉલ્લેખાયેલ માત્ર સામાન્ય વ્યાવહારિક નીતિવચનો ઉપર ચર્ચા કરવામાં આવશે.

- 'अद्वेषो हस्तयोर्दधे । ' (ऋ. 1/24/4)

અર્થાત્ 'દ્વેષ વગેરે દોષોથી રહિત થઈને પ્રશંસનીય ધનને ધારણ કરો.' એટલે કે દ્વેષી મનુષ્ય ક્યારેય પ્રતિષ્ઠાને પ્રાપ્ત કરી શકતો નથી. આથી આ મંત્રમાં ઈર્ષ્યા- દ્વેષથી દૂર રહેવાનું કહેવામાં આવ્યું છે.

- 'अस्मे वृद्‌धा असन्निह ।' (ऋ. 1/38/15)

અર્થાત્ 'આપણી વચ્ચે વિદ્યા અને આયુષ્યથી યુક્ત વૃદ્ધ પુરુષ હોય.' 'વૃદ્ધ આપણને અને આપણે વૃદ્ધ પુરુષોને અનુકૂળ થઈએ.'

- 'मा वो ध्नन्तं मा शपन्तं प्रतिवोचे देवयन्तम् ।
सुम्नैरिद्ध आ विवासे ।' (ऋ. 1/41/8)

અર્થાત્ 'પોતાના શત્રુ કે મિત્રનો શત્રુ હોય કે પછી શત્રુનો મિત્ર હોય. તેની સાથે મનુષ્યે ક્યારેક દોસ્તી કે પ્રિતી કરવી યોગ્ય નથી.' પ્રિય વચન, પાન- ભોજન, વસ્ત્ર વગેરેથી વિદ્વાનોની સેવા અને મિત્રોનું રક્ષણ કરવું જોઈએ. કારણ કે મિત્રરહિત મનુષ્ય સુખની વૃદ્દિધ કરી શકતો નથી. તેથી વિદ્વાનોએ ઘણા ધર્માત્માઓ સાથે મિત્રતા કરવી જોઈએ.

- 'चतुरश्चिददमानाद् बिभीयादा निधातोः ।
न दुरुक्ताय स्पृहयेत् ॥' (ऋ.1/41/9)

અર્થાત્ 'મારનાર,શાપ આપનાર, વિષ વગેરે આપનાર, બીજાની ચીજ-વસ્તુઓને ઝૂંટવી (પડાવી) લેનાર તથા દુષ્ટ વચન કહેનાર આ પાંચ પ્રકારના મનુષ્યો સાથે મિત્રતા ન કરવી. તેઓથી હંમેશા ડરવું (દૂર રહેવું).

- 'उद्वयं तमसस्परि ज्योतिष्पश्यन्त उत्तरम् । (ऋ.1/150/10)

અર્થાત્ 'અંધકારથી દૂર જઈને જ્યોતિને પ્રાપ્ત કરે.' 'तमसो मा ज्योतिर्गमय' આ લોકનીતિનો ઉદય જોઈ શકાય છે.

- 'त्वं मायाभिरप मायिनोऽधमः स्वधाभिर्ये अधि शुप्तावजुह्वत ।' (ऋ.1/15/5)

અર્થાત્ 'હે ઈન્દ્ર ! તેં માયાથી, કૂટનીતિના પ્રયોગથી માયાવી લોકોને ભસ્મ કરી દીધા. (નાશ કરી દીધો)' આ મંત્રમાં માયાવીની સાથે માયાનું વ્યવહારુ શિક્ષણ આપવામાં આવ્યું છે. 'મહાભારત'માં કહેવાયું છે કે – 'જે જેની સાથે જેવું વર્તન કરે છે, તેની સાથે તેણે તેવું જ વર્તન કરવું જોઈએ. સજ્જનની સામે સજ્જનતા અને દુર્જનની સાથે દુર્જનતા.[1] મહાકવિ શ્રીહર્ષ અનુસાર - 'દુર્જનોની સાથે સરળ વ્યવહાર કરવો તે નીતિ નથી.[2]

- 'तेऽवर्धन्त स्वतवसो महित्वना । ' (ऋ.1/85/7)

અર્થાત્ 'સ્વાવલંબી મનુષ્યો જ પોતાના મહિમાથી આગળ વધે છે.' એટલે કે સ્વાવલંબન જ સૌથી મોટું સુખ અને સમૃદ્દિધનું કારણ છે. સ્વાવલંબન આત્મનિર્ભરતા છે. આત્મનિર્ભરતા એ સુખ છે. જ્યાં બીજા ઉપર નિર્ભર રહેવું પડે છે, તે દુઃખ છે. આ પરંપરા અનુસાર મહાભારતકારનું કહેવું છે કે – 'જે પોતાને વશ છે અથવા પોતાના પ્રયત્નથી સાધ્ય છે તે સુખ છે, જે બીજા ઉપર આશ્રિત છે અથવા તો બીજાની સહાયતાથી સાધ્ય છે, તે દુ:ખ છે.[3]

- 'देवानां सख्यमुपसेदिम । ' (ऋ.1/89/2)

અર્થાત્ દેવો (વિદ્વાનો) સાથે મિત્રતા ટકાવી રાખો.' કહેવાનો અર્થ એ છે કે વિદ્વાનોની મિત્રતા વિશે તો કહેવું જ શું? નીતિકારોએ તો 'વિદ્વાનો સાથેની શત્રુતાને પણ શ્રેષ્ઠ માની છે.'[4]

- 'ऋजुनीती नः ।' (ऋ. 1/90/1)

અર્થાત્ 'આપણી નીતિ ઋજુ અર્થાત્ સરળ અને સીધી હોય'.

- 'अध स्वप्नस्य निर्विदेऽभुन्जतश्चरेवतः।
उभा ता बस्त्रि नश्यतः ।' (ऋ.1/120/12)

અર્થાત્ 'સ્વપ્નગત પદાર્થની પ્રાપ્તિ અર્થે પ્રયત્નશીલ મનુષ્ય માટે અને ધનનો ઉપયોગ ન કરનાર ધનવાન માટે દુ:ખ છે તે બંને શીઘ્ર નાશ પામે છે.' આ મંત્રમાં તાત્પર્ય એ છે કે સ્વપ્નજગતમાં રાચવું અને ત્યાં ફળની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો એ તો શેખચલ્લી જેવી નરી મૂર્ખતા કહેવાય. આકાશકુસુમરૂપ મનોરથોને પૂર્ણ કરવા માટે સમય વ્યર્થ કરનાર વ્યક્તિ શીઘ્ર નષ્ટ પામે છે, તે જ રીતે 'મનુષ્યે પ્રાપ્ત કરેલું ધનનું દાન અને તેનો ઉપભોગ કરતો નથી તે પણ નાશ પામે છે.'[5]

- 'अश्यामायूंषि सुधितानि पुर्वा ।' (ऋ. 2/27/10)

અર્થાત્ 'સુંદર આયુષ્યને પ્રાપ્ત કરો.'

- 'तन्वं जुषस्व ।' (ऋ.3/1/1)

એક નીતિવાક્યમાં કહેવાયું છે કે 'શરીરને નીરોગી રાખો.' 'શરીર જ આ સંસારમાં ધર્માદિનું સાધન છે.'

- 'घृतं मे चक्षुरमृतं म आसन् ।' (ऋ.3/26/7)

અર્થાત્ 'આંખો સ્નિગ્ધ તથા વાણી મધુર રહો.'

- 'अति द्वेषांसि तरेम ।' (ऋ. 3/27/3)

અર્થાત્ 'દ્વેષયુક્ત કર્મોમાંથી બહાર નીકળો.'

- 'वर्धया गिरः।' (ऋ.3/29/10)

અર્થાત્ 'વિદ્યા અને ઉત્તમ શિક્ષાયુક્ત વાણીઓથી ઉન્નતિ કરો.'

- 'ज्योतिर्वृणीत तमसः ।' (ऋ.3/39/7)

અર્થાત્ 'અંધકારથી દૂર જઈને જ્યોતિને પ્રાપ્ત કરો.' અહીં, મંત્રમાં અવિદ્યાથી વિમુખ થઈને વિદ્યામાં રત બનવાની વાત કરી છે. 'વિદ્યાના અભાવે સૌખ્યતા સંભવ નથી.'[6]

- 'ऋतस्य धीतिर्वृजनानि हन्ति ।' (ऋ.4/23/8)

અર્થાત્ 'સત્યની ધારણા કરનારી બુદ્ધિ (બળવાનોના) બળને પ્રાપ્ત કરી શત્રુઓનો નાશ કરે છે.'

- 'यो जागार तमृचः कामयन्ते ।' (ऋ. 5/44/14)

અર્થાત્ 'જાગૃત વ્યક્તિની ઋચાઓ કામના કરે છે.' જાગ્રત થવાનો અર્થ છે, આળસ વગેરે છોડીને પરિશ્રમી બનવું. 'પરિશ્રમી મનુષ્ય જ ઐશ્વર્યની પ્રાપ્તિ કરે છે.'[7] આળસ, મનુષ્યનો સૌથી મોટો શત્રુ છે.'[8]

- 'उत नः प्रियाप्रियासु ।' (ऋ.6/61/10)

અર્થાત્ 'સરસ્વતી (વિદ્યા) જ પ્રિય પદાર્થમાં પ્રિયતમ છે.' ઋગ્વેદની પરંપરા અનુસાર- 'નીતિકારોએ પણ વિદ્યારૂપી ધનને બધા જ ધનોમાં સર્વશ્રેષ્ઠ કહ્યું છે.'[9]

- 'अश्मा भवतु नश्तनूः ।' (ऋ. 6/75/12)

અર્થાત્ 'આપણાં શરીર પત્થરની જેમ દૃઢ (મજબૂત) બનો.'

- 'अनाशवोऽनुग्रासश्च ।' (ऋ. 8/1/14)

અર્થાત્ 'શાન્ત તથા અક્રૂર બનો.'

- 'भद्रं मनः कृणुष्व ।' (ऋ. 8/33/20)

અર્થાત્ 'સદૈવ પ્રસન્ન રહો.'

- 'अधः पश्यश्व मोपरि ।' (ऋ. 8/33/19)

અર્થાત્ 'નીચે જો ઉપર નહીં.' અર્થાત્ 'વિનયશીલ બન ઉદ્ધત નહીં.'

- 'मा नो निद्रा ईशत मोत जल्पिः ।' (ऋ. 8/48/14)

અર્થાત્ 'આપણી ઉપર નિદ્રાનો અધિકાર ન થાય.' કહેવાનો આશય એ છે કે આપણે નિરર્થક ભાષણમાં વશીભૂત ન થઈએ. 'નિદ્રા અને વ્યર્થ પ્રલાપમાં સમય નષ્ટ કરવો મૂર્ખાઓનાં લક્ષણ છે.'[10]

- 'आरे बाधस्व दुच्छुनाम् ।' (ऋ.9/66/19)

અર્થાત્ 'અશુભ વિચારોને દૂર કરો.'

- 'अक्षास इदाङ्कुशिनः ।' (ऋ.10/34/7)

અર્થાત્ 'જુગારની પાસે તીખા (કડક, આકરા) અંકુશ છે.'

- ' शीताः सन्तो हृदयं निर्दहन्ति ।' (ऋ.10/34/9)

અર્થાત્ 'શીતળ હોવા છતાં પણ હૃદયને બાળે (જલાવે) છે.'

- 'जाया तप्यते कितवस्य ।' (ऋ. 10/34/10)

અર્થાત્ 'જુગારીની પત્ની હંમેશા સંતપ્ત રહે છે.' કહેવાનો આશય છે કે જુગારમાં કહેલાં દોષો જોતાં જુગાર ન રમવું જોઈએ.

- मित्रं कृणुध्वम् ।' (ऋ. 10/34/14)

અર્થાત્ 'મિત્ર બનાવો'.

- (જુઓ - 'यानि कानि च मित्राणि कर्तव्यानि शतानि च'... નીતિવાક્ય )

- 'यस्तित्याज्य सचिविदं सखायं न तस्य वाच्यपि भागो अस्ति ।

यदीं श्रृणोत्यलकं श्रृणोति न हि प्रवेद सुकृतस्य पन्थाम् ॥' (ऋ. 10/71/6)

અર્થાત્ 'જે મિત્રતા માનનાર મિત્રને છોડી દે છે તેનો શાસ્ત્રબોધમાં પણ કોઈ અધિકાર નથી હોતો. તે જે કંઈ પણ સાંભળે છે, તે વ્યર્થ જ સાંભળે છે. પુણ્યના માર્ગને તે જાણતો નથી.' આ મંત્રના સિદ્ધાન્તનું અનુસરણ કરતાં 'વિદુરનીતિ'માં મિત્રના પરિત્યાગને ક્ષયાવહ દોષ કહ્યો છે.[11]

- 'न स सखा यो न ददाति सख्ये सचा भुवे सचमानाय पित्वः ।' (ऋ. 10/117/4)

અર્થાત્ 'તે મિત્ર નથી જે સાથે રહેનાર, સેવા કરનાર મિત્રને અન્ન કે ધન આપતો નથી.'

- 'न भोजा ममुः ।' (ऋ. 10/107/8 , 10/146/2)

અર્થાત્ 'પ્રજાપાલક (ઉદાર) વ્યક્તિ ક્યારેય મરતો નથી.' કહેવાનો આશય છે કે ઉદાર વ્યક્તિ પોતાના યશરૂપી શરીરથી લોકમાં હંમેશા જીવિત રહે છે.

- 'मायाभिः इन्द्र मायिनम् ।' (ऋ. 1/11/7)

અર્થાત્ 'દુષ્ટતાને દુષ્ટતાથી નષ્ટ કરો.' એટલે 'દુષ્ટોની સાથે સજ્જનતાનો વ્યવહાર કરનારને મહાકવિ ભારવિએ મૂઢ બુદ્ધિ કહ્યો છે.' આવો વ્યક્તિ પરાભવને પ્રાપ્ત કરે છે.[12]

- 'इन्द्र इवेह ध्रुवस्तिष्ठ ।' (ऋ. 10/173/2)

અર્થાત્ 'ઈન્દ્રની જેમ પોતાના નિયમમાં અડગ રહો.'

- 'संगच्छध्वं संवदध्वं सं वो मनांसि जानताम् ।' (ऋ.10/191/2)

અર્થાત્ 'મળીને (સાથે) ચાલો, બોલવા તથા વિચાર કરવામાં તમારાં મન એક જ પ્રકારના વિચારો કરો. અહીં આ મંત્રમાં કહેવું છે કે મળીને ચાલવું-બોલવું તથા વિચાર કરવાથી સંગઠન ભાવનાની વૃદ્ધિ થાય છે. સંગઠન ભાવના પ્રબળ બને છે. એક નીતિ વાક્યમાં કહેવાયું છે કે 'કળિયુગમાં સંગઠન શક્તિ જ મહાન છે.'[13]

- 'केवलोदो भवति केवलादी ।' (ऋ. 10/117/6)

અર્થાત્ 'એકલો ખાનારો પાપી હોય છે.' લોકનીતિમાં પણ 'એકલાએ જ સ્વાદિષ્ટ અન્નનું ભક્ષણ કરવું નિષિદ્ધ મનાયું છે.[14]

- 'ओ हि वर्तन्ते रथ्येव चक्रान्यमन्यमुपतिष्ठन्त रायः ।'

અર્થાત્ 'ધન, રથના પૈડાની જેમ ચલાયમાન છે.' આ મંત્રમા કહેવાયું છે તે મુજબ લક્ષ્મી તો ચંચળ છે. (નીતિકરોએ કહ્યું છે..... 'चला लक्ष्मी' .......નીતિવાક્ય) 'સાથે સાથે અન્ય અવસ્થાઓ પણ ચક્રના આરાની જેમ ઉપર-નીચે આવન-જાવન કરે છે.'[15]

## ❁ पादटीप

1. यस्मिन् यथा वर्तते यो मनुष्यः तस्मिन् तथा वर्तितव्यं स धर्मः । मायाचारो मायया वर्तितव्यः, साध्वाचारः साधुना प्रत्युपेयः ॥ महाभारत
2. आर्जवं हि कुटिलेषु न नीतिः । नैषधीयचरितम्
3. सर्वं परवशं दु:खं सर्वमात्मवशं सुखम् । महाभारत
4. किरातार्जुनीयम् : 1/8
5. पश्चतन्त्रम् : 2/157
6. न विर्धया विना सौख्यं नराणां जायते ध्रुवम् । नीतिवाक्य
7. पश्चतन्त्रम् : 1/217
8. 'आलस्यो किं मनुष्याणां शरीरस्थो महान रिपुः' .......नीतिवाक्य
9. 'विर्धाधनं सर्वं धनं प्रधानम् ' ...... नीतिवाक्य

10. काव्यशास्त्र विनोदेन कालो गच्छति धीमताम् । व्यसनेन च मूर्खाणां निद्रया कलहेन वा ॥' .....नीतिवाक्य
11. विदूरनीतिः 1/70
12. 'व्रजन्ति ते मूढ़धियः पराभवं भवन्ति मायाविषु ये न मायिनः'॥ किरातार्जुनीयम् : 1/30
13. 'सङ्घेशक्ति कलौ युगे ।'
14. 'एकः स्वादु न भुञ्जीत ।' नीतिवाक्य
15. 'निचैर्गच्छत्युपरि च दशा चक्रनेमिक्रमेण' ..........नीतिवाक्य

**सन्दर्भग्रन्था**


1. ऋग्वेद :- संपादक - दामोदर सातवलेकर, स्वाध्याय मण्डल, पारडी
2. किरातार्जुनीयम् : भारवि, निर्णयसागर प्रेस बम्बई, 1954
3. पश्चतन्त्रम् : विष्णुशर्मा, चौखम्बा विद्याभवन, वाराणसी, संवत - 2015
4. नैषधीयचरितम् : श्रीहर्ष, साहित्यभण्डार, सुभाषबाजार, मेरठ, 1975
5. विदूरनीति : गीताप्रेस गोरखपुर, सं. 2023


❖❖❖